بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

સારાંશ ખુત્બા જુમ્મા સૈય્યદના હઝરત અકદસ અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ,તા.26-08-2016 સ્થળ: મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન

**અલ્લાહ તઆલા દુનિયાના વિભિન્ન દેશોમાં રહેનારના દિલમાં અહેમદિયત માટે પ્રેરણા પૈદા કરે છે અમુક લોકોને સપના દ્વારા અહેમદિયતની સચ્ચાઈ બતાવી રહ્યો હોય છે, કયાંક કોઇ પુસ્તક અથવા લિટ્રેચર તબલીગનું કારણ બની જાય છે, કયાંક અહેમદિયતનો વિરોધ તેને ફેલાવામાં ખાતરનું કામ આપે છે,કયાંક અહેમદીઓના આચરણ બીજાને અહેમદિયત તરફ આકર્ષિત કરે છે.**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

બર્તાનિયા જલસાના બીજા દિવસે અલ્લાહ તઆલાની કૃપાઓની વર્ષાનું વર્ણન થાય છે જ્યાં વિભિન્ન વિભાગોના આંકડા પ્રસ્તુત થાય છે, જમાઅતની પ્રગતિ પર ચર્ચા થાય છે. આ આંકડાઓ સાથે હું તેમના તાલુકથી ઘટનાઓ પણ બયાન કરૂં છું પરંતુ ડોઢ બે કલાકમાં આંકડાનું વિસ્તાર પૂર્વક વર્ણન થઇ શકતો તથા ન ઘટનાઓ બયાન થઈ શકે છે અને જે નોટસ સંભળાવવા માટે હું લાવું છું લગભગ તેવી જ પાછી ચાલી જાય છે. આંકડા તો તહેરીક એ જદીદે પ્રકાશિત કરવાનું આરંભ કર્યુ છે, પુસ્તકના રૂપમાં પ્રકાશિત થઇ રહ્યા છે. જ્યાં સુધી ઘટનાઓનો સવાલ છે તેને તો હું વિભિન્ન અવસરે બયાન કરતો રહુ છું. આજે પણ તે ઘટનાઓ માંથી અમુક બયાન કરીશ જેનાથી માલુમ થાય છે કે કેવી રીતે અલ્લાહ તઆલા દુનિયાના વિભિન્ન દેશોમાં રહેનારના દિલમાં અહેમદિયત માટે પ્રેરણા પૈદા કરે છે અમુક લોકોને સપના દ્વારા અહેમદિયતની સચ્ચાઈ બતાવી રહ્યો હોય છે, કયાંક કોઇ પુસ્તક અથવા લિટ્રેચર તબલીગનું કારણ બની જાય છે, કયાંક અહેમદિયતનો વિરોધ તેને ફેલાવામાં ખાતરનું કામ આપે છે,કયાંક અહેમદીઓના આચરણ બીજાને અહેમદિયત તરફ આકર્ષિત કરે છે. પછી એવી ઘટનાઓ પણ છે જે દુર દેશના રહેનાર માટે અહેમદિયત પર ઈમાન તથા વિશ્વાસના અદભૂત દૃશ્ય આપણને દેખાડે છે. બાળકોના પ્રશિક્ષણ જોઈએ તો અહેમદિયત કબૂલ કરવા અથવા અહેમદીઓના સંપર્કમાં રહેવાથી બાળકોમાં પણ આશ્ચર્ય જનક બદલાવ પૈદા થાય છે જેને બીજા લોકો પણ અનુભવ કર્યા વગર નથી રહી શકતા. સારાંશ એ કે જો ન્યાયની દૃષ્ટિથી જોઈએ તો આપણે કહી શકીએ છીએ કે નિ:સંદેહ આપણે એક વ્યવસ્થાના અંતર્ગત ઇસ્લામનો વાસ્તવિક સંદેશ પહોચડવાનો પ્રયાસ કરીએ છીએ પરંતુ જે ફળ અલ્લાહ તઆલા લગાવે છે તે તેનાથી અધિક હોય છે જો આપણા પ્રયત્નો હોય છે. અહેમદિયતની પ્રગતિ આપણા પ્રયાસો તથા માધ્યમો દ્વારા નહી બલ્કે અલ્લાહ તઆલાના ફઝલોથી થઇ રહી છે. હવે હું અમુક ઘટનાઓ પેશ કરૂં છું

ગિની કનાકરીના મુબલ્લીગ લખે છે કે જમાઅતના પરિચય પર આધારિત બે પેજની પત્રિકા ખુદા તઆલાના ફઝલથી દેશની ચારેય બાજુ પહોચી ગયું છે તથા અમોને દેશના દુર દુરથી ફોન આવે છે કે અમે અમારા બુઝુર્ગોથી ઇમામ મહદી અને મસીહ મૌઉદ વિશે સાંભળતા હતા, હવે આપની આ પત્રિકા જોઇને અમોને ઉત્સુકતા છે કે અમે આપને મળીએ કેમ કે અમોને લાગે છે કે હવે સમય આવી ગયો છે કે ઉમ્મત એ મુસ્લિમઃ ને એક સુધારકની જરૂર છે. અલ્લાહ તઆલાની કૃપાથી ઘણા બધા લોકોથી અમારો સંપર્ક થયો અને તેઓ બૈઅત કરીને જમાઅતમાં સામેલ થયા. હુઝુર અનવરે ફરમાવ્યું પત્રિકા તો માત્ર સરનામું બતાવવાનું એક માધ્યમ બન્યું છે પરંતુ અલ્લાહ તઆલાએ દિલોને પહેલાં જ તૈયાર કર્યા હતા અને જે બુદ્ધિમાન છે તે અનુભવ કરે છે કે આ તે જ યુગ છે જેમાં સુધારકની જરૂર છે, મસીહ વ મહદીની આવશ્યકતા છે. કોણ કહી શકે છે કે આ દુર દુરના ક્ષેત્રોમાં કોઇના પ્રભાવના કારણે અહેમદિયત કબૂલ

કરવામાં આવી અથવા અહેમદિયતના સમાચાર પહોચ્યાં. આમ, આ અલ્લાહ તઆલાનું જ કાર્ય છે કોઇ માનવ પ્રયાસનો આમા કોઇ અંશ નથી.

તંઝાનિયાના ટોડોમા નગરના મુબલ્લીગ લખે છે કે કુરાન શરીફના પ્રદર્શનના અવસરે એક મહિલા અમારા સ્ટોલ પર આવી તથા ખુબ આશ્ચર્યથી પુછવા લાગી કે શું આ મુસ્લિમોનો સ્ટોલ છે ? પછી ધીરે ધરે પુસ્તકોનો પરિચય પ્રાપ્ત કરતી રહી અંતમાં એક પુસ્તક ખરીદી જેમાં ઇસાઇઓ વિશે સામગ્રી હતી. એક દિવસ બાદ તે મહિલા પોતાના પતિ સાથે ફરીથી સ્ટોલ પર આવી અને તે દિવસે તે બન્ને સેનાની વર્દીમાં હતા, બન્ને ફૌજી હતા. તે મહિલા કહેવા લાગી કે આ મારા પતિ છે અને અમારા લગ્નને લાંબો સમય થઇ ગયો છે, હું મસ્લિમ છું અને આ ઇસાઇ છે. તે મહિલા કહેવા લાગી કે હું ઘણા સમયથી પ્રયાસમાં હતી કે હું મારા પતિને ઇસ્લામી શિક્ષાથી અવગત કરાવું તથા તેમને મુસ્લિમ બનાવું પરંતુ કયાંયથી મને ઇસ્લામી શિક્ષણના વિશે મને કોઇ સામગ્રી ન મળી રહી હતી. કાલે મેં એક પુસ્તક ખરીદી અને તેમને આપી દીધી જેના દ્વારા તેમના ઘણા બધા સવાલો હલ થઇ ગયા અને શેષ મને આશા છે કે આપથી વાર્તા લાપથી હલ થઇ જશે. આ રીતે ઘણા સમય સુધી તે બન્નેની વાત મુબલ્લીગ સાથે થતી રહી અને તે બન્ને બૈઅત કરીને અહેમદિયત અર્થાત વાસ્તવિક ઇસ્લામમાં સામેલ થઇ ગયા. હુઝુર અનવરે ફરમાવ્યું પતિને ઇસ્લામ કબૂલ કરાવવાની તડપએ અલ્લાહ તઆલાના ફઝલને એ રીતે ખેચ્યો કે સંયોગ વશ તે ત્યાં આવી પણ ગઇ અને પછી બન્નેને અલ્લાહ તઆલાએ વાસ્તવિક ઇસ્લામની ગોદમાં આવવાની તૌફીક અતા ફરમાવી.

હરસ ફીલ્ડના મુબલ્લીગ લખે છે કે અહીયા ઘણાં લોકો એવા છે જે ઇસ્લામ વિશે માહિતી પ્રાપ્ત કરવા ઇચ્છે છે. કહે છે કે વાંઝલે નગરમાં પ્રચાર માટે પત્રિકાઓ વહેંચી જેના કારણે ત્યાં સંપર્ક સ્થાપિત થયો. થોડા સમય બાદ ત્યાંથી પચાસથી અધિક પુરૂષ તથા મહિલાઓ ચાલીને હરસ ફીલ્ડમાં અમારી મસ્જીદમાં આવ્યા. તેમનો હેતુ ઇસ્લામ વિશે માહિતી પ્રાપ્ત કરવું હતું. પ્રતિનિધિ મંડળ સાથે મસ્જીદમાં અઢી કલાક સુધી પ્રોગ્રામ થયો તથા ઇસ્લામ અને અહેમદિયત વિશે તેમની સામે સામગ્રી પેશ કરવામાં આવી ત્યાર પછી પ્રશ્નોત્તર પણ થયા. હુઝુર અનવરે ફરમાવ્યું લોકોનું સ્વયં આવવું તથા સ્વયં આકર્ષિત થવું, એ પણ એક કડી છે કે અલ્લાહ તઆલા હવે પ્રત્યેક સ્થાને લોકોના દિલોના તાર હલાવી રહ્યો છે.

પછી આપણે જોઇએ છીએ કે દુર દુર રહેનારના દિલોને ઇમાન વિશે કેવી રીતે અલ્લાહ તઆલાએ મજબૂત કર્યા છે તથા તેમનામાં બલિદાનની ભાવના પણ ઉત્પન કરી. બૈનિનના અમીર સાહેબ લખે છે કે અલાડા રીજનની એક જમાઅત સોકોમાં આ વર્ષે ફેબ્રુઆરીમાં એક નવી મસ્જીદનું નિર્માણ થયું જેમાં જમાઅતના મિત્રોએ ખુબ શ્રદ્ધા તથા પ્રેમથી ભાગ લીધો તથા ખુબ માત્રામાં સમય અને ધનની કુરબાની કરતાં મજૂરોની સહાયતા પણ કરતાં રહ્યા. મહિલાઓ પણ દુર દુરથી પાણી ભરી લાવતા અને આ રીતે મસ્જીદના નિર્માણમાં ભાગ લેતા રહ્યા. ગામના સ્થાનિક પ્રમુખએ કહ્યું કે આ મસ્જીદ અમારા વિસ્તારના લોકો માટે શાંતિ પૂર્ણ ઇસ્લામનો આશ્રમ છે. ત્યાંના ચીફે કહ્યું કે મસ્જીદ અલાડા રીજનની આ કૌન્સલ માટે નિઃસંદેહ પ્રકાશનો મીનાર છે. આ વિસ્તારના અધિકતર લોકો મૂર્તિ પુજાના ધર્મથી સંબંધ રાખનાર છે ચીફે કહ્યું કે હું પણ એક સમય સુધી મૂતિ પરસ્ત હતો પરંતુ આજે અહેમદિયતના કારણે એકેશ્વર વાદી થઇ ગયો છું અને હું આપ સૌને વિશ્વાસ અપાવું છું કે આ જમાઅત સત્ય તથા પ્રેમનો સાક્ષાત નમૂનો છે તથા અહેમદિયા જમાઅતના કારણે જ મને આ જ્ઞાન પ્રાપ્ત થયો છે કે આમ તો હું એક બાદશાહ છું પરંતુ મારા ઉપર એક મહાન બાદશાહ છે જેની ઉપાસના આપણા બધા માટે જરૂરી છે. હુઝુર અનવરે ફરમાવ્યું અલ્લાહ તઆલા જ છે જે આ સોચ દિલોમાં પૈદા કરે છે કે અહેમદિયા જમાઅતનો સંદેશ પણ સાચો છે તથા ઇસ્લામી શિક્ષણ પણ સત્ય છે અને આ જ વાસ્તવિક શિક્ષણ તથા સંદેશ છે જે અહેમદિયા જમાઅત દુનિયામાં ફેલાવી રહી છે અને આ જ તે તાલીમ છે જેનાથી મુશરિક લોકો જે છે તે એકેશ્વર વાદી બની રહ્યા છે.

પછી બૈનિનના એક મુઅલ્લીમ સાહેન લખે છે કે રેડિયો પર પ્રચારના પ્રોગ્રામ દરમ્યાન એક મિત્ર ગાન ઓવિન્ટો એરક સાહેબનો ફોન આવ્યો તેમણે અમોને પોતાના ગામમાં પ્રચાર માટે આમંત્રણ આપ્યું કહે છે કે તેઓ હજુ પોતાનું સરનામું આપી રહ્યા હતા કે ફોન કપાઇ ગયો તથા વાત પુરી ન થઇ શકી. મુબલ્લીગ સાહેબ લખે છે કે એક દિવસ પ્રચાર માટે એક ગામ સનર પોતા પહોચ્યા તો એક વ્યકિત અમોને જોઇને ઊભો થઇ ગયો અને બધાને કહેવા લાગ્યો કે જલ્દી આ બાજુ આવો, જેને આપણે રેડિયો પર સાંભળીએ છીએ તેઓ આજ સ્વયં આપણા ગામમાં આવ્યા છે. આ રીતે ત્યાં પ્રચારના પરિણામે ૨૦૦થી અધિક લોકોએ બૈઅત કરી તથા એક નવી જમાઅતની સ્થાપના થઇ. હુઝુર અનવરે ફરમાવ્યું તેમના ઇમાનની મજબૂતી પણ સાંભળી લો. કહે છે કે બૈઅત કર્યા બે દિવસ પછી તેજ વર્ષા અને વાવાજોડાના કારણે એરક સાહેબના ઘર પર દીવાલ પડી ગઇ જેની નિચે તેમનો આઠ મહિનાનું બાળક મૃત્યું પામી ગયો. આ મુશરિકોનું ગામ હતું. ગામના મુશરિકોએ કહ્યું કે જુઓ તમે આ જમાઅત પર ઈમાન લાવ્યા અને અત્યારથી મુશિબતો શરૂ થઇ ગઇ. તેના પર એરક સાહેબે કહ્યું કે મેં જે સચ્ચાઇ જોઇ તેના પર ઇમાન લાવ્યો, બાકી સંતાન અને ધન દૌલત ખુદા જ આપે છે અને તે જ પાછુ લઇ લે છે. હું આ જમાઅતથી પાછો નહી ફરૂં, ચાહે કઇ પણ થાય. મેં અહેમદિયત કબૂલ કરી છે, હું અહેમદી છું અને ઇન્શા અલ્લાહ મરતે દમ સુધી રહીશ. તો આ છે ઇમાનની મજબૂતી અને તૌહીદ પર કાયમ થવું જે હઝરત મસીહ મૌઉદ અ.સ. દ્વારા અલ્લાહ તઆલા લોકોના દિલોમાં પૈદા ફરમાવી રહ્યો છે. તેમણે પોતાની વ્યકિતગત જમીનનો એક ભાગ નમાઝ સેન્ટર માટે પણ આપ્યો બલ્કે તેમાં સ્વયં જ એક છાપરૂ તરત જ બનાવી દીધું જેથી કુરાન શરીફની ક્લાસો શરૂ કરી શકાય. અલ્લાહ તઆલા આ પ્રકારે અહેમદિયત અને વાસ્તવિક ઇસ્લામનો સંદેશ પહોચાડવાના માર્ગો ખોલે છે.

તન્ઝાનિયાના મુબલ્લીગ લખે છે કે શિયાંગાર રીજનના એક ગામમાં આ વર્ષે એક નવી જમાઅત સ્થાપિત થઇ. આ રીજનના એક ગામમાં પ્રચારના પ્રોગ્રામનું આયોજન થઇ રહ્યું હતું. સંયોગ વશ એક મહિલા ત્યાં પહોચી અને તેણે જ્યારે અહેમદિયા જમાઅતનો સંદેશ સાંભળ્યું તો કહેવા લાગી કે આપ લોકો અમારા ગામમાં પણ ઇસ્લામનો સંદેશ લઇને આવો કેમ કે ત્યાં અમુક મુસ્લિમો છે અને તેમની એક મસ્જીદ પણ છે પરંતુ જે ઇસ્લામ આપ લોકો પેશ કરો છો તે તેમના ઇસ્લામથી અલગ છે. જ્યારે આપણા મુબલ્લીગ સાહેબે ત્યાં જઇને ઇસ્લામ અહેમદિયતનો પ્રચાર કર્યો તો પ્રથમ દિવસે જ મસ્જીદના ઇમામ સમેત ૯૩ લોકોએ જમાઅતમાં પ્રવેશ કર્યો. જયારે તે વિસ્તારના સુન્નિ મોલ્વીને ખબર પડી કે આ લોકો અહેમદી થઇ ગયા છે તો તે ગામમાં પહોચ્યો અને કહેવા લાગ્યો તમે બધા પથભ્રષ્ટ થઇ ગયા છો અને ભટગી ગયા છો, આ લોકો મુસલમાન નથી. તેના પર નૌમુબાઇનએ જવાબ આપ્યો કે અમોએ સોચી સમજીને અહેમદિયત કબૂલ કરી છે અને આ જ વાસ્તવિક ઇસ્લામ છે માટે અમે તમારી કોઇ વાત નથી સાંભળવાના.

બૈનિનના અમીર સાહેબ લખે છે કે બોહીકૂં રીજનની એક જમાઅતમાં આપણી મસ્જીદનું નિર્માણ થયું. તે ગામમાં માર્ચ ૨૦૧૫ માં અહેમદિયતની શરૂઆત થઇ અને ૨૪૫ લોકો અહેમદિયતની ગોદમાં અવી ગયા હતા. જ્યારથી આ જમાઅતએ અહેમદિયત કબૂલ કરી છે તેમને વારંવાર વિરોધનો સામનો છે સગ સંબંધીઓ તરફથી પણ વિરોધ થયો, ગામના ઇમામ તરફથી પણ સખ્ત વિરોધ થયો, ગામના ઇમામે અન્ય ઇમામોને બોલાવીને જમાઅત વિરૂદ્ધ એકત્ર કર્યા પરંતુ ખુદા તઆલાના ફઝલથી લોકો પોતાની બૈઅતની પ્રતિજ્ઞા પર દ્રઢતા પૂર્વક સ્થાપિત છે. ગત વર્ષ જ્યારે અહીયા મસ્જીદનું નિર્માણ શરૂ થયું તો ગૈર અહેમદી મોલ્વી ખુબ વિરોધ કરવા લાગ્યા. ળોકોને કહેવા લાગ્યા કે અહેમદીઓની મસ્જીદથી તો સારૂ થશે કે તમે કોઇ ચર્ચમાં જઇને નમાઝ પઢી લો. જે મિસ્ત્રી મસ્જીદનું નિર્માણ કરી રહ્યો હતો તેના ઘરે જઇને પણ તેને ધમકીઓ આપી કે તે મસ્જીદનું નિર્માણ ન કરે પરંતુ આ તમામ ધમકીઓ તથા વિરોધ છતાં અલ્લાહ તઆલાના ફઝલથી જમાઅતને અહીયા મસ્જીદ બનાવવાની તૌફીક મળી અને તેના બે મિનારા પણ છે જે તેર મીટર ઉચા છે. ખુબ સુંદર મસ્જીદ છે ૩૭૫ લોકો આ મસ્જીદમાં નમાઝ અદા કરી શકે છે.

હુઝુર અનવરે ફરમાવ્યું: અલ્લાહ તઆલા સ્વપ્નો દ્વારા પણ માર્ગદર્શન કરે છે. આયવરી કોસ્ટના સાન પૈદરો રીજનના એક મિત્ર ઝોનામ અહેમદે બૈઅત કરી. તેઓ ઇસાઇ ધર્મના હતા પરંતુ પછી તેઓ ઇસ્લામ કબૂલ કરીને વહાબી સંપ્રદાયમાં સામેલ થઇ ગયા. તેઓ જણાવે છે કે ઇસ્લામ કબૂલ કર્યા બાદ મેં નમાઝ સીખી અને નિયમ અનુસાર મસ્જીદમાં જઇને નમાઝોની અદાઇગી શરૂ કરી દીધી. તે દરમ્યાન મેં એક બુઝુર્ગને સ્વપ્નમાં જોયા,સ્વપ્નમાં જ મને જાણ થઇ કે આ વ્યકિત ખુદાનો નબી છે. હું સમજ્યો કે શાયદ હઝરત મુહમ્મદ સ.અ.વ.ના દર્શન થયા છે. થોડા સમય પછી એક વાર ફરીથી મેં સ્વપ્નમાં જોયું કે તે જ બુઝુર્ગનો ચિત્ર ટીવી પર આવી રહ્યું છે અને કોઇ સાથે સાથે કુરાન શરીફની તિલાવત પણ કરી રહ્યો છે અને ટીવીની નિચે પટ્ટી પર ફ્રેંચ ભાષામાં લખેલ આવી રહ્યું છે "મિશન ઇસ્લામિક અહેમદિયા" આ સ્વપ્ન બાદ મેં મસ્જીદના ઇમામને અહેમદિયા જમાઅત વિશે પૂછયું. પહેલાં તો ઇમામ સાહેબે ટાળ મટોળ થી કામ લીધું પરંતુ મારા આગ્રહ પર કહેવા લાગ્યા કે તે લોકો અહેમદી છે, મુસ્લિમ નથી. તમને શું થઇ ગયું છે, કોણે તમને ભટકાવી દીધા છે, કેમ તમે પોતાનો ઇસ્લામ નષ્ટ કરવા પર છો ? તેમણે મોલ્વી સાહેબને જવાબ આપ્યો કે મને કોઇએ નથી ભટકાવ્યો કેમ કે હું તો હજુ સુધી કોઇ અહેમદીને મળ્યો પણ નથી. મને તો ખુદા તઆલાએ અહેમદિયતનો માર્ગ દેખાડયો છે. ઘરે આવીને મને અધિક ચિંતા થવા લાગી. કહે છે કે આખર આ અહેમદી કયા લોકો છે અને ઇમામ સાહેબ તેમને કાફીર કેમ કહે છે. તેના પર મેં ખુદાથી દુઆ કરી કે હે ખુદા! તૂ જ મને સીધો માર્ગ દેખાડ, હું મારા મિત્રોને જમાઅત વિશે પૂછતો રહ્યો પરંતુ કોઇ પણ સંપર્કનો માર્ગ નથી મળી રહ્યો. અંતે એક દિવસ એક મિત્રએ જણાવ્યું કે એક અન્ય નગર દલવામાં અહેમદિયત મૌજુદ છે આ રીતે હું એક બીજાને પૂછતાં મિશન હાઉસ સુધી પહોંચી ગયો જ્યાં મિશનરી સાહેબે જમાઅતનો પરિચય કરાવ્યો. ત્યાં મિશનમાં હઝરત મસીહ મૌઉદ અ.સ.નો ફોટો જોઇને હું હૈરાન રહી ગયો,પૂછવા પર મિશનરી સાહેબે જણાવ્યું કે આ જ ઇમામ મહદી અને યુગના મસીહ છે. આમ, મેં તે જ સમયે અહેમદિયત કબૂલ કરી લીધી અને મિશનરી સાહેબને જણાવ્યું કે આ બુઝુર્ગ બે વખત મને સ્વપ્નમાં દેખાયા હતા. તેઓ અમારા મુબલ્લીગ સાહેબને કહેવા લાગ્યા કે બૈઅત ફૉર્મ તો મેં અત્યારે ભર્યુ છે પણ અહેમદી હું તે દિવસથી જ છું જ્યારે ખુદા તઆલાએ સ્વપ્નમાં મારૂ માર્ગદર્શન કરી દીધું હતું.

અલ્લાહ તઆલાના ફઝલથી જે રીતે વિરોધીઓ આપણા માર્ગોમાં રૂકાવટ નાખવાનો પ્રયાસ કરે છે,વિરોધમાં વધતા જઇ રહ્યા છે. અલ્લાહ તઆલા તેવી જ રીતે તેમના મોંઢા બંધ કરવાના સાધનો પણ કરી રહ્યો છે અને જે નવા અહેમદી સામેલ થઇ રહ્યા છે તેમના ઇમાનમાં મજબૂતીના સામાન પણ કરી રહ્યો છે.

અલ્લાહ કરે કે આપણે તેના ફઝલોને હંમેશા ગ્રહણ કરનાર બનતા જઇએ અને અલ્લાહ તઆલાનો હક અદા કરનાર પણ થઇએ. આપણા પર અલ્લાહ તઆલાએ જે આ અહેસાન કર્યો છે કે આપણને અહેમદિયતની તૌફીક અતા ફરમાવી, તેમાં અલ્લાહ તઆલા આપણને દૃઢતા આપે તથા ઇમાન અને વિવેકમાં પણ વધારે.

Khulasa Khutba Jumma Huzoor Anwar 26 August 2016

BOOK POST (Printed Matter)

To.........................................................................................................

.........................................................................................................

.........................................................................................................

From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT.